જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૮/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૪૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૪૭૬ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૨૮૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૧ બિયર ટીન, ૦૨ કાર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૬૭,૧૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૪૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૫૦/૨૦૨૬**

ખાડીયાઃ અમરસિંહ ભરતસિંહ રાજપુત (રહે.મામા જીજીયાનો ફ્લેટ પહેલો માળ, હળદરવાળો ખાંચો ઢાળની પોળ આસ્ટોડીયા) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૮/૨૦૨૬ સવારના ૮/૦૦ થી રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકૂચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, પતરાની પેટીનું તાળું તોડી પેટીમાંથી ચાંદીના ૫૦૦ ગ્રામના ચોસલા નંગ–૬ કિંમત રૂપિયા ૭,૦૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.ચૌધરી ચલાવે છે.

નોકર ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૧૫૧/૨૦૨૬**

નિકોલઃ કેતનકુમાર સ/ઓ કેશવભાઈ ડોબરીયા (ઉ.વ.૪૫)(રહે, ભક્તિરાજ બંગ્લોઝ, ભક્તિ સર્કલ પાસે, નિકોલ) એ તા.૧૮/૦૮/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે કઠવાડા જીઆઈડીસી ઝવેરી ફાર્મ સહજાનંદ એસ્ટેટ શેડ નંબર–૧ કૃષ્ણા કેબલ ખાતે કામ કરતા આરોપી (૧) વિપુલભાઈ અને (૨) મહીપતભાઈ (જેઓના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગામળી તા.૨૩/૦૭/૨૦૨૬ થી તા.૦૭/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન કંપનીમાંથી કોપર કેબલ ૨૦૦ મીટર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/– અને કોપર સ્ક્રેપ ૬૫ કિલો કિંમત રૂપિયા ૬૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૨૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૧૫૨/૨૦૨૬**

નારોલઃ લાંભા ન્યુ ટી.પી. રોડ સિદ્ધિ એલીગન્સની બાજુમાં, "સત્સગ પ્રાઇડ કન્ટ્રકશન" નામની સાઇટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા દશરથભાઈ દીપસિહ નાયકા (ઉ.વ.૨૧) (મુળ વતન. ખેડા કળીયુ, ગામ–મોઢવા, દેવગઢ બારીયા જી–દાહોદ) તા.૧૮/૦૮/૨૦૨૬ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે સત્સંગ પ્રાઇડ સાઇટ ફ્લેટના ચોથા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૫૩/૨૦૨૬**

સાબરમતીઃ ચાંદખેડા આઇ.ઓ.સી.રોડ શિવમ રો હાઉસ ખાતે રહેતા સંજયભાઇ ખૈરાલીયા નાઓની ૧૭ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.રાજપુત ચલાવે છે.

કાગડાપીઠઃ હર્ષદભાઇ રમણભાઇ ડોરિયા (ઉ.વ.૪૦)(રહે,પઠાણની ચાલી, સમાજ વાડી સામે, મેલડી માતાના મંદીર સામે, ગીતામંદિર પાછળ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૬ સવારનાં ૧૧/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.પટેલિયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી